# પ્રેસનોટ

## સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનના વેસુ – રૂંઢ – મગદલ્લા – ભરથાણા – પીપલોદ વિસ્તારોમાં તા.૦૯/૦૧/૨૦૨૫ ના ગુરુવારના રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી તેમજ તા. ૧૦/૦૧/૨૦૨૫ ના શુક્રવારના રોજ પાણી પુરવઠો અંશતઃ અવરોધાય/ ઓછા પ્રેશરથી/ નહીંવત મળવા અંગેની અગત્યની જાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારમાં વેસુ-૧ અને વેસુ–૨ જળવિતરણમથક ખાતે અંડરગ્રાઉન્ડ ટાંકીના એક્સપાન્શનની કામગીરી પુર્ણતાને આરે હોય, સદર નવી બનાવવામાં આવેલ અંડરગ્રાઉન્ડ ટાંકીનું હયાત અંડરગ્રાઉન્ડ ટાંકી સાથે જોડાણની કામગીરી તા.૦૮/૦૧/૨૦૨૫ નાં બુધવારના રોજ સાંજે ૮:૦૦ થી તા.૦૯/૦૧/૨૦૨૫ નાં ગુરુવારના રાત્રે ૧૨:૦૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર છે. જેથી તા.૦૯/૦૧/૨૦૨૫ ના ગુરુવારના રોજ નીચે જણાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેનાર છે તથા તા.૧૦/૦૧/૨૦૨૫, શુક્રવારના રોજ પાણી પુરવઠો ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે.

### ઝોન મુજબ પાણી પુરવઠાને અસર થનાર વિસ્તારોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | ઝોનનું નામ | તા.૦૯/૦૧/૨૦૨૫ ના ગુરુવારના રોજ નીચે જણાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેનાર છે તથા તા.૧૦/૦૧/૨૦૨૫, શુક્રવારના રોજ પાણી પુરવઠો ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે. |
|---|---|---|
| ૧ | સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન (અશતઃ વિસ્તાર) | **વેસુ-૧ જળ વિતરણ મથકઃ- સવારનો સપ્લાયઃ-** વેસુ-૧ જળ વિતરણ મથકથી ભરથાણા ગામતળ તથા ભરથાણા ટી.પી. વિસ્તાર, G.D.Goenka કેનાલ રોડ સુધીનો રત્નરાજ, હેગડેવાર, રોયલ પેરાડાઈઝ, સુર્યા હેરીટેજ, Eco Garden વિગેરે વિસ્તાર.<br>**વેસ-૧ જળ વિતરણ મથકઃ- બપોરનો સપ્લાયઃ-** ઓવરહેડ ટાંકી ESR-8 ના નેટવર્કનો સુમન શૈલ, વેસુ ગામતળ, શોમેશ્વરા ચોકડી, સુડાભવન, કૃષ્ણધામ, દેવદર્શન, સિધ્ધિ રો હાઉસ, વેસુ ગામતળ, રત્ન જયોતિ, સોહમ હાઈટસ, ગૌતમ બુધ્ધ નગર અને પીપલોદ આજુબાજુનો વિસ્તાર.<br>**વેસ-૨ જળ વિતરણ મથકઃ- સવારનો સપ્લાયઃ-** વેસુ, રૂંઢ, મગદલ્લાનો અને તેની આજુબાજુનો વિસ્તાર તથા સુમન સાગર, હાઈ ટેક એવન્યુ, L&T બેચરલ હોસ્ટેલ, નંદીની-૩, વાસ્તુગ્રામ ચોકડી વિગેરે અને તેની આજુબાજુનો વિસ્તાર.<br>**વેસ-૨ જળ વિતરણ મથકઃ- સાંજનો સપ્લાયઃ-** ઓવરહેડ ટાંકી ESR-6A ના નેટવર્કના શ્યામ પેલેસ, શૃંગાર રેસીડેન્સી, નંદની-૧, ૨, નંદનવન-૩, સંગાથ રેસીડેન્સી, સ્ટાર ગેલેક્ષી, એલ એન્ડ ટી કોલોની, ઓ.એન.જી.સી. ફ્રેઈઝ-૨, ફોઈનીક્ષ, ફલોરન્સ, ક્રિસ્ટલ પેલેસની આજુબાજુનો વિસ્તાર. |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી

**સાદરસમાચાર યાદી નંબરઃ- 432,**
તા.06/01/2024